# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૬-A તા.૮-૩-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : દરેક શિક્ષક,કર્મચારી અને અધિકારીશ્રીઓએ ટુ વ્હીલર વાહના ચલાવતી વખતે ફરજિયાત હેલ્મેટ પહેરવા બાબત.

સંદર્ભ : એસએસએ/મકમ/૧૮/૭૪૬૩-૭૫૧૨ તા.૨૮/૦૨/૨૦૧૮.ના પત્ર અન્વયે.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે Instruction of Honble CS during COS meeting dated 07/02/2018 ની મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ રોડ એક્સીડેન્ટ ન થાય તે માટે તમામ શિક્ષકો,અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ રોડ સેફ્ટી માટે જાગૃત કરવા તેમજ ટુ વ્હીલર ચલાવતી વખતે શિક્ષકો,અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ફરજિયાત હેલ્મેટ પહેરવું.

આ સાથે સામેલ સલામત જીંદગી અને સ્વ રક્ષણ માટે હેલ્મેટના ઉપયોગ માટેની પ્રતિજ્ઞા તા.૧૨/૦૩/૨૦૧૮ ના રોજ નીચે મુજબ ફરજિયાત લેવાય તેવુ કરવા જણાવવામાં આવે છે.

- શાળા કક્ષાએ :તા.૧૨/૦૩/૨૦૧૮ ના રોજ પ્રાર્થના કાર્યક્રમમાં બાળકો,શિક્ષકો તથા શાળાના અન્ય સ્ટાફે પ્રતિજ્ઞા લેવાની રહેશે.
- ઝોન કક્ષાએ : મદદનીશ શાસનાધિકારીએ ઝોનના તમામ સ્ટાફ સાથે ઝોન કચેરી ચાલતી હોય તે શાળાના પ્રાર્થના કાર્યક્રમમાં તા. ૧૨/૦૩/૨૦૧૮ ના રોજ પ્રતિજ્ઞા લેવાની રહેશે.
- મુખ્ય કચેરી ( સ્કૂલ બોર્ડ ) : મુખ્ય ઓફિસના તમામ કર્મચારીઓએ એલીસબ્રીજ શાળા નં – ૧૦ ની શાળાના પ્રાર્થના કાર્યક્રમમાં તા. ૧૨/૦૩/૨૦૧૮ ના રોજ પ્રતિજ્ઞા લેવાની રહેશે.
- સુપરવાઇઝરશ્રીએ બીટમાંથી કાર્યક્રમ સંલગ્ન બે શાળાના ફોટોગ્રાફસ મદદનીશ શાસનાધિકારીશ્રીને વોટ્સ-એપ થી મોકલી આપવા.
- મદદનીશ શાસનાધિકારીશ્રીએ પોતાના ઝોનના ફોટોગ્રાફ્સની કોપી E-mail :- aoschoolboard@gmail.com પર મોકલી આપવા.

તા.૮-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી

**બિડાણ : સંદર્ભિત પત્ર અને પ્રતિજ્ઞા.**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


સંદીપ કુમાર, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

નં. એસએસએ/ચકમ/૧૮/
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર–૧૭, ગાંધીનગર
તા. ૨૮.૦૨.૨૦૧૮
ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com


પ્રતિ

જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, એસએસએ,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષયઃ દરેક કર્મચારી/અધિકારીશ્રીએ ટુ વ્હીલર વાહન ચલાવતી વખતે ફરજિયાત હેલ્મેટ પહેરવા બાબત.**

**સંદર્ભઃ શિક્ષણ વિભાગના તા.૧૪.૦૨.૨૦૧૮ ના પત્ર ક્રમાંકઃ પરચ/૧૩૨૦૧૮/રોડ સેફટી–હેલ્મેટ/વ–૨ અને આ સાથે બિડાણે આવેલ માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રીના તા.૯.૨.૨૦૧૮ નો ઈમેલ પત્ર.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે **Instructions of Honble CS during COS meeting dated 7/2/2018** ની મિટીંગમાં થયેલ ચર્ચા મુજબ રોડ એકસીડેન્ટ ન થાય તે માટે તમામ કર્મચારીઓ/અધિકારીશ્રીઓને રોડ સેફટી માટે જાગૃત કરવા તેમજ ટુ વ્હીલર ચલાવતી વખતે કર્મચારીઓ/અધિકારીશ્રીઓએ ફરજિયાત હેલ્મેટ પહેરવું.

ઉક્ત બાબતે કર્મચારીઓ/અધિકારીશ્રીઓમાં જાગૃતતા કેળવાય તેવું આયોજન આપની કક્ષાએથી કરવું. તે અંગે આપની કક્ષાએથી આપની તાબા હેઠળની જિલ્લાકક્ષાની, તાલુકાકક્ષાની કચેરીઓમાં સંદર્ભ દર્શિત પત્રમાં સૂચવ્યા મુજબની જાણ અને જરૂરી કાર્યવાહી કરવી અને કર્મચારી/અધિકારીશ્રીઓને સહયોગ આપવા સૂચનાઓ આપશો.

(સંદીપ કુમાર)

**બિડાણ : ટુ વ્હીલર ચલાવતી વખતે ફરજિયાત હેલ્મેટ પહેરવા બાબતના શપથ**

**નકલ સવિનય જાણ અર્થે રવાના :**

- માન.અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રી બી.વી.રાઠવા, ઉપ સચિવશ્રી, સંકલન, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ રવાના :**

- તમામ અધિકારીશ્રી/ઓઆઈસી/કર્મચારીશ્રીઓ, આ કચેરી

D:\D\DPEO\letter.doc

2018-3-5 17:00

## સલામત જિંદગી અને સ્વ રક્ષણ માટે હેલ્મેટના ઉપયોગ માટેની પ્રતિજ્ઞા....

- હું ટુ વ્હીલર ચલાવતા સમયે, હેલ્મેટ અવશ્ય પહેરીશ...
- હું, મારું કુટુંબ અને મારા મિત્રો દરેક, હેલ્મેટ પહેરીને જ ટુ વ્હીલર ચલાવીશું...
- હું મારા અને અન્યના સલામત જીવન માટે, હેલ્મેટ પહેરીશ...
- હું રોડ અકસ્માત દરમ્યાન થતી ઈજાથી બચવા માટે, સદાયે હેલ્મેટ પહેરીશ...
- હું મારા કુટુંબ સાથે લાંબા સમય રહેવા માંગું છું એટલે હેલ્મેટ પહેરીશ...
- હું, મારું ટુ વ્હીલર અને મારી હેલ્મેટ આ ત્રણ સાથે જ બહાર નીકળીશું...
- હું ગમે તેવી ઉતાવળમાં પણ, હેલ્મેટ પહેરવાનું ભૂલીશ નહિ...
- હું અને મારી પાછળ બેસનાર, બંને હેલ્મેટ પહેરીનેજ ટુ વ્હીલર ચલાવીશું...
- હું મારી હેલ્મેટ ના પહેરવાનું, મારા મોતનું કારણ બનતા અટકાવીશ...
- હું યાદ રાખીશ કે હેલ્મેટ નહિ તો ટુ વ્હીલર ચલાવવાનું નહિ...
- હું હેલ્મેટ પહેરીને બીજા માટે પણ સારું ઉદાહરણ બનીશ...
- હું હેલ્મેટ પહેરવામાં સતર્કતા રાખીશ તો સલામત રહીશ...
- હું યાદ રાખીશ કે હેલ્મેટ ન પહેરવાનું નુકશાન મારી હણાઈ જશે મુસ્કાન...
- હું જાણું છું કે હેલ્મેટથી ના કોઈ મસ્તી, થઇ જશે મારી જિંદગી સસ્તી...
- હું ઉપરની દરેક બાબતને મન-કર્મથી સદાયે યાદ રાખવાનો પ્રયાસ કરીશ...